# બોલતા નહીં, કરતા હું

## મલબાર હિલ વિભાગને સુંદર બનાવવા માટે મારા પ્રયાસોની ઝલક




**મંગલ પ્રભાત લોઢા**
વિધાનસભ્ય, મલબાર હિલ.



મારા રોલ મોડેલ અને પ્રેરણામૂર્તિ શ્રી નરેન્દ્રભાઇ મોદી

વ્હાલા મિત્રો,


આપના પ્રતિનિધિ તરીકે આપની સર્વ સમસ્યાઓને બારીકાઇથી સમજી લેવામાં અને તેનું નિરાકરણ અચુક લાવવામાં મેં કોઇ કસર બાકી રાખી નથી. આપના દ્વારા ઊભા કરાયેલા નાના કે મોટા દરેક મુદ્દાઓ પર બારીકાઇથી ધ્યાન આપવાની અને તેનું શક્ય શ્રેષ્ઠતમ ફોલોઅપ રાખવામા આવે તેનું ધ્યાન રાખવાની મારી સર્વપ્રથમ ફરજ છે એવું હું ભારપૂર્વક માનું છું. આથી જ મહારાષ્ટ્ર માં યોગ્ય ધારા ધોરણોની રચના થાય તેની ખાતરી રાખવાની મારી મુખ્ય જવાબદારી ઉપરાંત મેં શિક્ષણ, વેપાર ધંધો અને રોજગાર, ખુલ્લી જગ્યાઓ, ઇન્ફ્રાસ્ટ્રક્ચર કે આરોગ્ય સંભાળ સહિતનાં ક્ષેત્રમાં કામ કર્યું છે. આ જ પ્રવૃત્તિઓની રૂપરેખા હું અત્રે પ્રસ્તુત કરી રહ્યો છું. આપ આગળ પણ આ રીતે જ ટેકો અને આશીર્વાદ આપતા રહેશો એવી આશા રાખું છું.



**મંગલ પ્રભાત લોઢા**
વિધાનસભ્ય, મલબાર હિલ.

મહારાષ્ટ્રમાં કોંગ્રેસનું રાજ હોવા
છતાં અમે ઘણાં બધાં કામો સફળતા પૂર્વક
પાર પાડયાં છે. આવા સંજોગોમાં
જો ભાજપ સરકારની સત્તા આવશે
તો હજુ વધુ કામો સરળતાથી
પાર પાડી શકાશે.

મહારાષ્ટ્રમાં કોંગ્રેસના નેજા હેઠળ ગેરશાસન ને લીધે આપણે વર્ષોથી વિવિધ તકલીફો ભોગવી રહ્યા છીએ. સર્વ વિકાસ પ્રવૃત્તિઓ રીતસર ઠપ થઇ છે. વેપાર ધંધાને અસર થઇ છે, લોકો નોકરીઓ ગુમાવી રહ્યા છે, મહિલા અને જયેષ્ઠ નારરિકોની સુરક્ષા જોખમાઇ છે અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર પણ પડી ભાંગ્યું છે. દરેક નવા પ્રકલ્પોનો ખર્ચ મૂળ કરતાં ત્રણથી પાંચ ગણો વધી ચૂક્યો છે અને નિર્ધારિત કરતાં તે પૂર્ણ થવામાં ૨ થી ૩ ગણો વધુ સમય લઇ રહ્યા છે. આનું મુખ્ય કારણ ભ્રષ્ટાચાર અને સગાવાદને શાસક સરકાર પોષી રહી છે. મુંબઇની પ્રગતિમાં તેને બિલકુલ રસ દેખાતો નથી અને તેને કારણે જ વિકાસ ના પ્રકલ્પો લગભગ ઠપ થઇ ગયા છે. સિરી રોડના કામનો જ દાખલો આપું તો આ રસ્તો બની જાય તો સ્થાનિક રહેવાસીઓને ભરપૂર લાભ થવા સાથે ટ્રાફિકની ગીચતા પણ ઓછી થાય એમ છે. આમ છતાં તે કામ શરૂ કરવાની મંજૂરી મેળવવા માટે મને ૪ વર્ષ લાગ્યાં છે. સરકાર નું નકારાત્મક અને વિકાસ વિરૂદ્ધ વલણ છતાં મેં મારા સાથી કાર્યકરો અને રહેવાસીઓ સાથે મળીને અથાક પરિશ્રમ લઇને મલબાર હિલની સમસ્યાઓ આલેખિત કરી છે અને તેનું નિરાકરણ આને તેની ખાતરી રાખી છે. હવે શ્રી નરેંદ્રભાઇ મોદી વડા પ્રધાન બન્યા છે અને મહારાષ્ટ્ર વિધાનસભા ની ચૂંટણી આવી રહી છે ત્યારે આપણે સૌએ મળીને આ ગેર શાસનનો અંધકાર દૂર કરવાનો છે અને મુંબઇને મજબૂત અને પ્રગતિશીલ બનાવવા માટે એકત્ર કામ કરવાનું છે. મલબાર હિલને વિશ્વ કક્ષા નું બનાવવા હું કટિબદ્ધ છું.



# હું યોગ્ય કાયદાઓ લાવવા માટે લડયો છું, કારણ કે સારા કાયદા જ આપણા અધિકારોનું જતન કરી શકે છે.

**આરટીઆય એક્ટની રજૂઆત અને મહત્વપૂર્ણ સુધારણાઓની પહેલ**

મેં ૧૯૯૭ માં ક્રાંતિકારી રાઇટ ટૂ ઇન્ફોરમેશન એક્ટ રજુ કર્યો હતો. જે પાછળથી રાષ્ટ્રીય સ્તરે પછીથી કાયદો બની ગયો હતો. તેનો દુરૂપયોગ થતો ટાળવા માટે ૨૦૧૩માં મેં સુધારણા પ્રસ્તાવિત કરી હતી. જે માં માહિતી મેળવવા માટે વિનંતી કરતી વ્યક્તિએ માહિતી સાથે તેના સંબંધની જાહેરાત કરવાનું ફરજીયાત બનાવવાનું છે.



महाराष्ट्र में भी

3 जागरूक टाइम्स, मुंबई, बुधवार 3 अप्रैल 2013

# एनिमल वेलफेअर बोर्ड की मांग

मुंबई। केंद्र एवं देश के 20 राज्यों की तरह महाराष्ट्र में भी तत्काल एनिमल वेलफेअर बोर्ड बनाया जाना चाहिए। मलबारहिल के विधायक मंगलप्रभात लोढ़ा ने विधानसभा में सरकार से यह मांग करते हुए कहा कि प्रदेश में यह बोर्ड बनाने का प्रावधान होने के बावजूद सरकार इसमें विलंब कर रही है। विधानसभा में विधायक लोढ़ा की इस मांग पर विधानसभा अध्यक्ष दिलीप वलसे पाटिल ने पशुपालन मंत्री मधुकर चव्हाण को निर्देश दिए कि सरकार इस मामले में तत्काल सदन में अपना जवाब पेश करे। विधायक लोढ़ा ने विधानसभा में कहा कि सरकारी आंकड़ों के हिसाब से पिछले 4 सालों में देश से मांस का निर्यात 44 फीसदी बढ़ गया है। उन्होंने जानकारी दी कि 2008 में देश में कत्लखानों की संख्या 5.57 लाख थी, जो आज आश्चर्यजनक रूप से बढ़कर सिर्फ 5 सालों में 8.05 लाख हो गई है। बीते वर्ष में गोवंश सहित पशुधन के मांस के निर्यात का आंकड़ा 18 हजार करोड़ रुपए को भी पार कर सकता है। विधानसभा में लोढ़ा ने कहा कि महाराष्ट्र में अकाल पड़ने का कारण भी पशुधन का समाप्त होना ही है। उन्होंने सरकार से मांग की कि प्रदेश में भी शीघ्र एनिमल वेलफेअर बोर्ड बनाया जाना चाहिए, जिससे पशुधन की रक्षा की जा सके। विधानसभा अध्यक्ष के निर्देश पर पशुपालन मंत्री ने एक सप्ताह के भीतर एनिमल वेलफेअर बोर्ड के मामले में सरकार की तरफ से कारवाई पर जवाब देने का आश्वासन दिया। विधायक लोढ़ा ने विश्वास जताया कि सरकार इस मामले में कोई सकारात्मक फैसला



### મહારાષ્ટ્રમાં પશુ કલ્યાણ મંડળની સ્થાપના

પશુઓનું કલ્યાણ એ હમેશાં મારી નિકટનો મુદ્દો રહ્યો છે. મેં ગૌવંશનું કતલ રોકવા માટે બિલ પ્રસ્તાવિત કર્યું હતું. મારા પ્રયાસોને લીધે ઢોર ઢાંખરોની સુરક્ષા માટે મહારાષ્ટ્રમાં સૌ પ્રથમજ પશુ કલ્યાણ મંડળણી સ્થાપના થઇ છે.

### મંદિરો પર કબજો લેતાં સરકારને રોકી

આ સંબંધી પ્રસ્તાવિત બિલને લીધે સરકારી પેનલ એક સરળ વટ હુકમ જારી કરીને મંદિરોના વ્યવસ્થાપન પર કાબૂ મેળવે એવી સ્થિતિ સર્જાઇ હતી. મેં આ એક્ટનો મજબૂત વિરોધ કર્યો હતો. કારણ કે ધર્મના પ્રસાર, વ્યવહાર અને શીખના આપના બંધારણીય અધિકારોનું તેના થી ઉલ્લંધન થતું. આ બિલ આખરે સરકારે પાછળ ખેંચી લેવું પડયું હતું.

**આરટીઆઇ એક્ટ રજૂ કરવાથી હાઉસિંગ નિયમન સરળ બનાવવાથી અન્યાયી એલબીટી સામે લડત સુધી મેં કાયદાનો હકારાત્મક પરિવર્તનકારી તરીકે સંપૂર્ણ ઉપયોગ કર્યો છે.**

### અન્યાયી લોકલ બોડી ટેક્સ સામે વિરોધને લઇ મુંબઇ અને મહારાષ્ટ્રમાં થી તેની બાદ બાકી

રાજયમાં ફામ, માસમા વગૈરે જેવા વેપારી સંગઠનોએ એલબીટીની અમલ બજાવણી સામે કરેલા વિવિધ વિરોધ પ્રદર્શનોમાં હું પણ જોડાયો હતો. આ મામલો

વિધાનસભા માં પણ મેં ઉછાળ્યો હતો. મારી મધ્યસ્થીથી મુંબઇમાં એલબીટીનો અમલ રોકાયો હતો. સરકારે એલબીટીની હડલાળ સમયે મુંબઇનાં ૧૦ પોલીસ સ્ટેશનોમાં વેપારીએ સામે નોંધાવાયેલા કેસો પરત બેંચવાની પણ સંમતિ આપી હતી.

**હાઉસીંગ સોસાયટીઓના નિયમો માં સરળતા**

રાજય સરકાર સુગર કો-ઓપરેટિવ્ઝમાં કૌભાંડોને નાથવા માટે કો-ઓપ સોસાયટીઝ એક્ટમાં જોગવાઇઓ કપરી બનાવવા તત્પર બની ત્યારે આ કઠોર જોગવાઇઓમાં હાઉસિંગ સોસાયટીઓ ને ભોગ નહી બનાવાય તેની તકેદારી મેં લીધી હતી. મારી રજૂઆતને લીધે હાઉસિંગ સોસાયટીઓની અકાઉન્ટિંગ પ્રક્રિયાઓ સરળ બની છે અને સોસાયટીના રજિસ્ટ્રારને આ સોસાયટીઓ પર કાર્યવાહીની જુલમી સત્તા મળી હતી તે પણ સોસાયટી તરફી કરાઇ છે.

**પ્રોપર્ટી ટેક્સના વિરોધ**

મુંબઇગરાઓ પર લાદવામાં આવેલી કેપિટલ વેલ્યુ બેઝડ પ્રોપર્ટી ટેક્સ સિસ્ટમને કોંગ્રેસ સરકાર દ્વારા જબરદસ્તી પસાર કર્યા પછી મુંબઇગરા સાથે મળીને ઉગ્ર આંદોલન કરીને તે લાગુ કરવાથી અટકાવ્યું.



# હું માનું છું કે કરદાતા નાગરિક તરીકે ઉત્તમ ઇન્ફ્રાસ્ટ્રક્ચર તેમનો અધિકાર છે.

**આપણે એકત્ર મળીને ઘણાં કામો કર્યા છે ત્યારે મહારાષ્ટ્રમાં ભાજપની સત્તા આવે તો મલબાર હિલ ને વિશ્વ કક્ષાનું બનાવવા માટે હું કટિબદ્ધ છું.**

**કનેક્ટિંગ સિરી રોડ નાવીન્યપૂર્ણ રીતે બનાવાતાં ટ્રાફિકની ગીચતા ઓછી થશે.**

મલબારહિલમાં ટ્રાફિકની ગીચતા ઓછી કરવા માટે મેં વાહનો માટે હેન્ગિંગ ગાર્ડન્સ થી ચોપાટી બેન્ડ સ્ટેન્ડ સુધી સિરી રોડનો ઉપયોગ કરવાનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો. ચાર વર્ષના સઘન પ્રયાસો પછી મને મહાપાલિકા દ્વારા મંજૂરી મળી છે અને વાહન ચાલકો માટે ટૂંક સમયમાં જ આ રસ્તો ખુલ્લો મુકાશે. આ પૂર્વે સ્થાનિક નિવાસી સંગઠન સાથે ભાગીદારી માં નેપિલન સી રોડ પહોળો કરવાનું કામ હાથમાં લેવાયું હતું.

**ચર્ની રોડ ખાતે રેલવે ઓવર બ્રિજ**

એમએલઅ ફંડ નો ઉપયોગ કરતાં મેં ચર્ની રોડ સ્ટેશન ખાતે ઓપેરા હાઉસથી બિરલા ક્રીડા કેન્દ્ર સુધી પાદાચારીઓ માટે રેલવે ઓવર બ્રિજ બનાવવામાં યોગદાન આપ્યું હતું.

**બાણ ગંગા ટેન્કનો પુનરૂદ્ધાર**

બાણ ગંગા ટેન્ક આપણા ઇતિહાસ અને સંસ્કૃતિને સન્માન સાથે વિશેષ નોંધનીય છે. લોકો અહીં પ્રાર્થના કરી શકે અને પર્યટનને પ્રોત્સાહન મળે તે માટે મેં સંપૂર્ણ બાણગંગા ટેન્કનો પુનરૂદ્ધાર કર્યો હતો.



**વસંતદાદા પાટીલ ઉદ્યાનનું સુશોભિકરણ**

વર્ષોનાં વહાણાં વિતવા સાથે તારદેવનું વસંતદાદા પાટીલ ઉદ્યાન કચરાપેટી અને ટેક્સી સ્ટેન્ડમાં ફેરવાઇ ગયું હતું. મારી પહેલને લીધે હવે જાહેર ઉપયોગ માટે પાર્કનો વિકાસ અને સુશોભિકરણ કરાયું છે.

**હેન્ગિંગ ગાર્ડન ખાતે સિનિયર સિટીઝન્સ પાર્ક બનાવવો અને કમલા નેહરૂ પાર્કમાં બાળકોના રમવાના મેદાનની સુધારણા**



મારા એમએલએ ફંડનો ઉપયોગ કરીને મેં હેન્ગિંગ ગાર્ડનમાં સિનિયર સિટીઝનો માટે નવો પાર્ક બનાવ્યો છે અને કમલા નેહરૂ પાર્ક ખાતે બાળકોના રમવાના મેદાનનુ સુધારીકરણ પણ કરાવ્યુ છે.

**ચંદનવાડી અને બાણગંગા સ્મશાન ઘાટનું નવીનીકરણ**

સદગતોના અંતિમ સંસ્કાર કરાય તેવા આ સ્થળોનું મારી પહેલ હેઠળ નવીનીકરણ કરવામાં આવ્યું છે.



**બાબુલનાથ મંદિરના પવિત્ર જળને યોગ્ય દિશામાં પ્રવાહિત કરાવ્યું**

બાબુલનાથ મંદિર ખાતે શિવલિંગ પર ચઢાવતું પાણી ગટરમાં વહી જતું હતું. ભક્તોની ભાવનાઓને તેને લીધે ઠેસ પહોંચતી હતી. આને ધ્યાનમાં રાખતા એક ખાસ પાઇપલાઇન નાખવામાં આવી છે, જેને કારણે હવે આ પવિત્ર જળ સીધું જ સમુદ્રમાં જાય છે.

**જર્જરિત મકાનોનું સમારકામ અને નાગરી કાર્યો**

એમએલએ ફંડનો ઉપયોગ કરતાં મેં ધોબી ઘાટ મંદિર, મહાલક્ષ્મી મંદિર, સારસ્વત કોલોની, નિરજ સોસાયટી વગેરે ખાતે જર્જરિત મકાનોનાં વિવિધ નાગરી અને સમારકામો પૂર્ણ કર્યાં છે.

**ચોપાટીનું બિરલા ક્રીડા કેન્દ્ર સભાગૃહ ફરી ખુલ્લું મુકાશે**

મલબાર હિલની સંસ્કૃતિ અને કળાનું આ કેન્દ્ર છે, જે ઘણાં વર્ષથી બંધ હતું. મેં હાલમાં જ તેના પુનરૂદ્ધાર માટે રૂ.૧ કરોડનું ભંડોળ ફાળવવાની વ્યવસ્થા કરી છે. આ સભાગૃહ હવે ૨૦૧૫ માં જાહેર માટે ખુલ્લું મુકાશે.

**મેં ટ્રાફિક ગીચતા, ઓવરબ્રિજો અને પાર્કનું બાંધકામ તથા જાહેર સ્થળીને વિકસાવવા માટે કામ કર્યુ છે.**

**સૌર અને એલઇડી લાઇટો ની ગોઠવણી માટે પાઇલટ પ્રોગ્રામ**

આપણી ગલીઓમાં રાત્રિના સમયે પ્રકાશ બહેતર રહે અને પર્યાવરણની પણ કાળજી લેવાય તે ધ્યાનમાં રાખીને હેન્ગિંગ ગાર્ડન અને બ્રીચ કેન્ડી પાસે સિલ્વર ઓક એસ્ટેટ લેનમાં સૌર અને એલઇડી દીવાઓ ગોઠવવામાં આવી છે. આ પ્રકલ્પ થતાં હવે મલબાર હિલના અન્ય વિસ્તારોમાં પણ તેનું અનુકરણ કરાશે.

**તુકારામ ઓંબળેનું સ્મારસ બનાવીને આપણા વીરોનું સન્માન**

તુકારામ ઓંબળેએ ૨૦૦૮ ના મુંબઇના આતંકવાદી હુમલા દરમિયાન શહીદી વહોરી લીધી હતી. તેમને મરણોત્તર અશોક ચક્રથી સન્માનીત કરાયા હતા. મેં ૨૬મી નવેમ્બર ૨૦૦૯ ના રોજ ગિરગામ ચોપાટી ખાતે તેમનું સ્મારક વનાવવામાં યોગદાન આપ્યું છે.



**નાના જગન્નાથ શંકરશેઠનું સ્મારક બનાવીને તેમને શ્રદ્ધાંજલિ અપાઇ**

રાજય સરકારદ્વારા અવગતના છતાં અમે નાના જગન્નાથ શંકર શેઠના સ્મારકનું સુશોભિકરણ કરાવીને તેમને ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ આપી.



લોઢા ફાઉંડેશન એમ્બુલન્સ સેવા

# આપના કલ્યાણની વાત આવે, તો કોઇ કસર બાકી નહીં રહે, તેની હું ખાતરી રાખું છું

**મોબાઇલ હેલ્થ ક્લીનીક દવારા તંદુરસ્તીની જાળવણી**

મોબાઇલ હેલ્થ ક્લિનિક્સ મારફત આરોગ્ય સંભાળ સૌની પહોંચમાં લવાઇ આરોગ્ય સેવાઓ તમામ જનતાની પહોંચમાં આવે તે ઉદ્દેશથી અમે મલબાર હિલમાં મેડિકલ વાન ચલાવી રહ્યા છીએ, જે મોબાઇલ ક્લિનિક તરીકે કામ કરે છે. વાર્ષિક આશરે ૬૦,૦૦૦ દરદીઓને તે સેવા આપે છે. આ વાન નિશુલ્ક દવાઓ અને નિદાન પરીક્ષણોની જોગવાઇ સાથે દરરોજ સવારે અને સાંજે બબ્બે કલાક માટે નિશુલ્ક તબીબી શિબિરોનું આયોજન કરે છે.

**મેડીકલ બીલમાં છૂટ**

અમારી જીવન આશા યોજનાની અંતર્ગત વિભિન્ન સંસ્થાઓના સહયોગથી ૧૨૦૦ લોકોને લગભગ ૨ કરોડ રૂ. ની મેડીકલ સહાયતા અપાવી અને હોસ્પિટલનાં ૧ કરોડ રૂ. થી વધારેની છૂટ અપાવવામાં આવી.

**સ્કૂલ હેલ્થ કેમ્પ્સનું આયોજન**

અમે સરકારઅનુદાનિત અને ખાનગી ૩૫ શાળાઓમાં પ્રાથમિક અને માધ્યમિક સ્તરે અભ્યાસ કરતા આશરે ૧૫,૦૦૦ બાળકો માટે નિયમિત આરોગ્ય તપાસણી કરાવીએ



મોબાઇલ મેડીકલ ક્લીનીક

છીએ. શાળાઓને મેડિકલ રિપોર્ટની નકલ પણ અચૂક મોકલાવીએ છીએ, જેથી તેઓ વાલીઓ સાથે ફોલો-અપ કરીને ડોક્ટરો પાસે બાળકોની તપાસ કરાવે.

### નિરોગી મહિલા અભિયાન



મહિલાઓ માટે મફત તબીબી તપાસ શિબિર નિરોગી મહિલા અભિયાન હેઠળ ખાસ કરીને પુખ્ત વયની છોકરીઓ અને નબળી આરોગ્ય સેવાથી અસરગ્રસ્ત અને આર્થિક-સામાજીક ખેંચને લીધે તબીબી મદદને પહોંચ ન પામતી હોય તેવી ઝૂંપડપટ્ટીમાં રહેતી મહિલાઓ માટે મફત તબીબી તપાસ શિબિર યોજીએ છીએ.

### મલેરિયા અને ડેન્ગ્યું નિયંત્રણ

ઝૂંપડપટ્ટીઓ અને હાઉસિંગ સોસાયટીઓમાં ગટારોમાં પાણી જમા થઇ રહેવા જેવી અસ્વચ્છ સ્થિતિઓને લીધે મલેરિયા અને ડેન્ગ્યુના જીવાણુ ફેલાય છે. આને ધ્યાનમાં રાખી અમારા વિસ્તારમાં મેં મચ્છર વિરોધી ઘુમાડો કરતાં એશીનો લાવવાની પહેલ કરી હતી, જે વિવિધ વિસ્તારોમાં નિયમિત ઘુમાડો કરે છે.

**સુરક્ષિત પાણી માટે પાણીની ટાંકીઓની સફાઇ**

પાણીજન્ય રોગો નિવારવા માટે સ્વચ્છ અને સુરક્ષિત પીવાનું પાણી મળે તે માટે મેં હાઉસિંગ સોસાયટીઓ, શાળાઓ, કોલેજો અને પોલીસ સ્ટેશનમાં પાણીની ટાંકીઓ સાફ રહે તેની તકેદારી રાખવાની પહેલ કરી છે, મારી આ વિશિષ્ટ તકેદારીના કારણે દર વર્ષે ૫૦૦ જેટલા સંકુલોમાં ૪૦૦૦થી વધુ ટાંકીઓ નિશુલ્ક સાફ કરાય છે.

**દેશી દવાની દુકાન**

ગિરગામના સેન્ટ્રલ પ્લાઝા નજીક જેનેરીક દવાની દુકાન ખોલવામાં આવી છે, જેથી દરદીઓને લગભગ ૨૭૦ પ્રકારની જેનરીક દવાઓ ઓછા ખર્ચે મળે છે. જેનરીક ફાર્મસીની આ દુકાનને લઇ દર વર્ષ ૩૦૦૦૦ દરદીઓને તેનો ફાયદો થાય છે.

**સ્વચ્છતાથી મફત તબીબી તપાસ અને તબીબી સુવિધાઓ સુધી**




જેનરીક મેડીસીન શોપ


IACOCCA

# યુવા મુંબઇની સંભાવના ઉજાગર કરો

**શારદા મંદિર હાયસ્કૂલ ફરી શરૂઆત કરવા માટે પહેલ**

મલબાર હિલ ખાતે વધુશાળાઓ ઊભી કરવાના મારા પ્રયાસોમાં ગામદેવીની શારદા મંદિર હાઇ સ્કૂલ ફરી ખોલવાની પહેલ મેં કરી છે. આ શાળા રીતસર બંધ કરી દેવાઇ હતી અને ફરીથી શરૂ થતાં એસએસસી (આઇસીએસઇ) માધ્યમ માટે વાજવી ફી પર ૧૦૦૦ નવી બેઠકો ઊભી થશે.

**ન્યૂ એરા સ્કૂલને બંધ થતી અટકાવવામાં આવી**

પેડર રોડ પર ન્યૂ એરા સ્કૂલ બંધ કરવાનો પ્રયાસ કરાયો હતો. હું શાળાની બહાર ૯ દિવસ સુધી ભૂખ હડતાળ પર બેઠો હતો, જેને લીધે રાજય સરકારે નિર્ણય પર ફેરવિચાર કરવાની ફરજ પડી હતી.

**કમજોર વર્ગો માટે સ્કોલરશિપ કાર્યક્રમ**

લોઢા ફાઉન્ડેશન મારફત હોશિયાર હોય પરંતૂ આર્થિક રીતે પછાત હોય તેવા વર્ગના લોકોને નાણાકીય ટેકો પૂરો પાડવા માટે સ્કોલરશિપ પ્રોગ્રામ પહેલ શરૂ કરાઇ છે. આ સ્કોલરશિપને લીધે કાર્યક્રમના આરંભથી ૫ વર્ષમાં ૫૦૦૦ જેટલા વિદ્યાર્થીઓનો શાળામાં ભણવાનો માર્ગ મોકળો બન્યો છે.



**પુખ્તો માટે અંગ્રેજી બોલવાના વર્ગો**

આજના કોર્પોરેટ યુગમાં અંગ્રેજીમાં બોલવું ફાવે તો ભરપૂર તફો રહેલી છે. આથી અંગ્રેજી ન ફાવતુ હોય તેમની આ ભાષાની બોલચાલ સુધારવા માટે કાર્યક્રમ રજૂ કરાયો છે, જેમાં ખાસ કરીને યુવાનો અને ગૃહણીઓને તક અપાય છે. વાર્ષિક ૫૦૦ નાગરિકોને આ કાર્યક્રમ હેઠળ અપાય છે.



વ્યક્તિત્વ વિકાસ શિબિર પ્રશિક્ષણાર્થી

**કારકીર્દી માર્ગદર્શન શિબિરો**

વિવિધ શાળાઓ અને કોલેજો સાથે સહયોગમાં અમે કારકિર્દી માર્ગદર્શન શિબિરોનું આયોજન કર્યુ છે, જેમાં વર્ષમાં ૭૦૦૦ વિદ્યાર્થીઓ સુધી પહોંચીને તેમને કારકિર્દી નિયોજન અને કાઉન્સેલિંગ વિશે વિગતવાર માહિતી આપવામાં આવે છે.

**છોકરીઓને ભણવા માટે પ્રોત્સાહન**

સ્ત્રીઓ તેમના અંગત વિકાસ બાબતે સ્વતંત્ર રીતે નિર્ણય લઇ શકે અને સમાજમાં તેમને પણ એકસમાન તકો મળે તે માટે અમે શિક્ષણ પ્રણાલીમાંથી બહાર નીકળવા ફરજ પડેલી છોકરીઓને પિછાણવા માટે પહેલ કરી હતી અને તેમની ઓપન યુનિવર્સિટી કોર્સમાં નોંધણી કરાવી હતી. માધ્યમિકથી અંડરગ્રેજ્યુએટ સ્તર સુધી છોકરીઓનું ભણતર અમે આ માધ્યમથી સ્પોન્સર કરી રહ્યા છીએ.



### મોબાઇલ લાઇબ્રેરી (જ્ઞાન ગંગા)

ઘરથી લાઇબ્રેરી દૂર હોય તો લોકો ત્યાં જવાનું ટાળે છે. આથી પુસ્તકોને લોકોની નજીક લાવવા માટે અમે મોબાઇલ લાઇબ્રેરી જ્ઞાન ગંગાની સંકલ્પના રજૂ કરી છે. અમારી આ જ્ઞાન ગંગા મોબાઇલ લાઇબ્રેરી મલબાર હિલ વિસ્તારમાં ફરે છે અને ૪૮ અલગ અલગ સ્થળે થોભે છે, જયાં ૪૦૦૦ જેટલા લોકો તેનો લાભ લે છે.



### ઇન્ટરનેટ, કોમ્પ્યુટર, સ્માર્ટ ફોન ટ્રેનિંગ

લોકો સંદેશ વ્યવહાર ઉત્તમ રીતે કરવા માટે ટેકનોલોજી વિશે પોતાને અવગત કરી શકે અને આ માધ્યમથી ભારતમાં ડિજીટલ ક્રાંતિ આવે તે માટે અમારા વિસ્તારમાં ૭૦૦૦ નાગરિકો (૪૦ વર્ષથી વધૂ ઉમર)ને લાભ અપાયા છે. જેમાં તેમને ઇન્ટરનેટ, કોમ્પ્યુટર, સ્માર્ટ ફોન વગૈરે ચલાવવાનું શીખવવામાં આવે છે અને ટેકનોલોજીની આ ક્રાંતિમાં તેઓ બહાર નહીં રહી જાય તેની ખાતરી રાખવામાં આવી રહી છે.



### ઓછી આવકજૂથના વિદ્યાર્થીઓ માટે અધ્યયન કેન્દ્ર

મેં ખેતવાડીમાં ઓછી આવક વિદ્યાર્થીઓ માટે અધ્યયન કેન્દ્ર શરૂ કર્યું છે, જે માધ્યમથી અભ્યાસ કરવા માટે ઘર ન હોય તેમને અહીં બેસીને ભણવાનો મોકો મળે છે. આ કેન્દ્ર રોજ સવારે ૮થી રાત્રે ૧૦ સુધી ખુલ્લું રહે છે અને તેમાં ૨૦૦૦ જેટલાં શૈક્ષણિક પુસ્તકો પણ છે.

**નવી શાળાઓ, જૂની શાળાનું નવીનીકરણ, મહત્ત્વ શૈક્ષણિક સહાય પૂરી પડાય છે. સુશિક્ષિત પેઢી આપણા રાષ્ટ્રનું ધોરણ વધુ ઊંચે લઇ જશે.**

### શૈક્ષણિક સામગ્રીઓનું વિતરણ

અમે શૈક્ષણિક પુસ્તકો, શાળાની બેગ, પાઠયપુસ્તકો દર વર્ષે મલબાર હિલની સરકાર અનુદાનિત અને ખાનગી શાળાઓમાં લગભગ ૩૦૦૦ વિદ્યાર્ધીઓમાં વિતરણ કરીએ છીએ.



# પ્રશિક્ષણ, આત્મનિર્ભરતા અને કરિઅર, કેમ કે દરેક મહેનતુ વ્યક્તિ અવસરનો હકદાર છે

**સ્ત્રીઓ માટે સ્વસહાતય જૂથોની રચના**

સ્ત્રીઓમાં બચતની આદતો કેળવવી, નાણાકીય રીતે તેમને મદદરૂપ થઇને સૂક્ષ્મ વેપાર સાહસિકતાનાં કાર્યમાં તેમને પરોવવી અને સામાજીક પહેલોમાં સાંકળવા માટે સ્ત્રીઓને ભેગી કરીને ૨૦૦૦ સ્ત્રીઓનો સમાવેશ ધરાવતાં ૨૧૨ સ્વસહાય જૂથો સ્થાપવામાં આવ્યાં છે.

**યુવક-યુવતીઓને રોજગાર**

ગત પાંચ વર્ષમાં આશરે ૨ હજાર થી વધુ યુવક-યુવતીઓને પ્રશિક્ષણ આપીને પ્રાઇવેટ કંપનીઓ અને સરકારી સંસ્થાનોમાં રોજગાર અપાવ્યો.



## યુવા પ્રતિભાને તૈયાર કરવા માટે રોજગાર સોકળતો કાર્યક્રમ

૧૮-૩૫ વયવર્ષના યુવાનોને રોજગાર મેળવવા માટે ઇન્ટરવ્યુની પ્રભાવશાળી તૈયારી, અસરદાર રિઝયુમ બનાવવું અને માર્ગદર્શન જેવી સેવા આપીને તૈયાર કરવા રોજગાર સાંકળતો કાર્યક્રમ તૈયાર કરાયો છે. અમે દર વર્ષે આ માધ્યમથી ૧૦૦૦ યુવાનો મદદરૂપ થઇએ છીએ.

હું માનું છું કે વંચિતો તાલીમને અભાવે પાછળ રહી ન જવા જોઇએ. આ કાર્યક્રમ દરેક વ્યક્તિને આજીવિકા રળવાની તક મળે તેની ખાતરી રાખે છે.

## સ્ત્રીઓ માટે વોકેશનલ તાલીમ

સ્ત્રીઓ સ્વરોજગાર મારફત સ્વનિર્ભર બનીને રોજગારની તકો પ્રમોટ થાય તે લક્ષ્ય સાથે સ્ત્રીઓ માટે અમે વોકેશનલ તાલીમ કાર્યક્રમો યોજીએ છીએ. આમાં સોફ્ટ ટોયઝ બનાવવા, ઇમિટેશન જવેલરી, બ્યુટિશિયન, મેહેંદી જેવાં ક્ષેત્રો પર તાલીમ અપાય છે. વર્ષમાં આશરે ૧૨૦૦ મહિલાઓને તેનો લાભ અપાય છે.

### કોમ્પ્યુટર અને મોબાઇલ રિપેર તાલીમ

અમે ૪ કોમ્પ્યુટર તાલીમ કેન્દ્રો ચલાવીએ છીએ, જે સ્વરોજગાર નિર્મિતી માટે કોમ્પ્યુટર હાર્ડવેર અને મોબાઇલ સમારકામમાં વોકેશનલ તાલીમ આપે છે. આજે કોમ્પ્યુટર અને સ્માર્ટફોન્સનો ઉપયોગ વધી રહ્યો છે તે સાથે આ કોર્સ માટે માગણી પણ વધી રહી છે.









શહીદ વીર જવાનો માટે શ્રદ્ધાંજલી
શ્રી નરેન્દ્રભાઇ મોદી અને ભારતરત્ન લતા મંગેશકર

# એક ભારતનું વાતાવરણ નિર્માણ કરવું

**શ્રેષ્ઠ ભારત : ભારતીય સંરક્ષણ દળોને સલામી**

અમે ૨૭મી જાન્યુઆરી, ૨૦૧૪ના રોજ શ્રેષ્ઠ ભારત દિવસ મનાવીએ છીએ. ભારતીય સંરક્ષણ દળોને સલામી તરીકે “એય મેરે વતન કે લોગો” દેશભક્તિ ગીતને ૫૦મી તિથિ પૂર્ણ થઇ તેની સ્મૃતિમાં આ દિવસ ઊજવીએ છીએ. આ દિવસે ૧૦૦ ગેલેન્ટરી એવોર્ડ વિજેતાઓનું શ્રી નરેંદ્ર મોદીએ ૧,૫૦,૦૦૦ લોકોની ઉપસ્થિતિમાં સન્માન કર્યું હતું. ભારત રત્ન લતા મંગેશકર અંગત રીતે તેમના વિખ્યાત ગીતની સુવર્ણ જયંતી પર આયોજીત કાર્યક્રમમાં હાજર રહ્યા હતાં.







**મલબારહિલ મહોત્સવ : સામાજીક સક્રિયતા**

અમે દર વર્ષે મલબાર હિલ મહોત્સવ ઊજવીને અમારા મતવિસ્તારમાં રમતગમત, સંસ્કૃતિ અને કળાને પ્રોત્સાહન આપીએ છીએ. લગભગ ૧૦,૦૦૦ સભ્યો દર વર્ષે વિવિધ પ્રવૃત્તિઓમાં ભાગ લે છે.

### મુંબઇ ગણેશ મહોત્સવ

અમે ગ્રાન્ટ રોડની ગિલ્ડર લેન ખાતે મુંબઇના અત્યંત લોકપ્રિય અને પ્રતિષ્ઠિત ગણેશ મહોત્સવનું આયોજન કરીએ છીએ. આ ઉજવણીમાં દેશભક્તિ અને રાષ્ટ્રવાદને પ્રોત્સાહન આપતી પ્રદર્શનીઓ સાથે ભગવાન ગણેશ બનાવવાની કાર્યશાળા પણ યોજાય છે. યુવાનોને આપણી મહાન સંસ્કૃતિ અને ઇતિહાસનો પરિચય કરાવવામાં આવે છે.

**વર્ષો પહેલાં નાના પાયાથી કરેલો શુભારંભ જેમ કે મલબાર હિલ મહોત્સવ આજે પ્રસંગનુ ગૌરવ બની ખૂબજ વિખ્યાત મહા મહોત્સવની પ્રસિધ્ધિનેપામ્યા છે.**

### ધ્વજવંદન કાર્યક્રમનું આયોજન

આપણા રાષ્ટ્રનું ગૌરવ એ મારી પ્રાથમિકતા છે. અમે પ્રજાસત્તાક દિન અને આઝાદી દિને ૨૦૦૦ જેટલી હાઉસિંગ સોસાયટીઓમાં ધ્વજવંદનનું આયોજન કરીને એકતા અને દેશભક્તિની લાગણીઓનું સિંચન કરીએ છીએ.

વધુમાં જાહેર જનતા માટે

# હું માનું છું કે વિધાનસભ્યની જવાબદારી નીતીયોના નિર્માણ થી પાર જઇને સમાજ પ્રત્યે પણ છે

**હેલ્પલાઇન નંબર ૧૨૭૮**

મેં મલબાર હિલ મતવિસ્તાર માટે દિવસ - રાત ચાલતો હેલ્પલાઇન નંબર સ્થાપ્યો છે. જેમાં નાગરી ફરિયાદો લેવાય છે, જેને કારણે વહીવટી પ્રણાલી વધુ પ્રતિસાદાત્મક અને જવાબદાર બને છે. અમે વિવિધ સરકારી એજન્સીઓ પાસે નાગરિકોના મુદ્દાઓ લઇ જઇએ છીએ, જેથી નાગરિકોને ત્યાં સુધી દોડધામ કરવી પડતી નથી.

**વિકાસના નામે લોકોને ફસાવનારાઓ સામે વિરોધ**

કોંગ્રેસ શાસિત મ્હાડા અને એસઆરએ સાથે સાઠગાંઠ કરીને ઝૂંપડપટ્ટી, ચાલીઓ અને જૂનાં બિલ્ડિંગોના વિકાસ સમયે સ્થાનિકોને ધમકાવનારા અનેક સાવનારા બિલ્ડરોનો વિરોધ કરીને જનતાની પડખ ઊભો રહ્યો. આજે પણ તે લડાઇ ચાલુ છે.

**રિડેવલપમેન્ટમાં ઠગાઇ કરનારથી રક્ષણ**

બાણગંગામાં સરકારી જમીન પર એક કોંગ્રેસ મહિલા નેતાઓ કાનૂની જોગવાઇ વિના લોકો પાસે એગ્રીમેન્ટ કરાવીને રિડેવલપમેન્ટને નામે ઠગાઇ કરવાની કોશિશ કરતી હતી. મેં બાણગંગાના લોકોને જાગૃત કરીને સાવધાન રહેવા માટે વિશેષ ઝુંબેશ ચલાવી અને સ્થાનિકોને ઠગાઇ કરનારથી ચુંગલ માંથી ઉગારી લીધા.

**બાણગંગાની પવિત્રતા અને પર્યાવરણનું રક્ષણ**

બાણગંગા તળાવની પવિત્રતા અને પર્યાવરણને અખંડ રાખવા માટે હું હમેશા તત્પર રહ્યો છું. અમે શ્રાદ્ધના દિવસોમાં પીતરોના તર્પણની વિશેષ પદ્ધતિ અપનાવી, જેથી લાખો માછલીઓ ને જીવનદાન મળ્યું અને બાણગંગાના પર્યાવરણનું રક્ષણ થયું.



Open letter

# "If Mumbai does well, Malabar Hill will do great."

MLA **Mangal Prabhat Lodha** of the Malabar Hill constituency shares an open letter with Mumbaikars

Dear Mumbaikars,

The Malabar Hill constituency has been very close to my heart—I have lived here for almost 30 years and the constituency is home to a large number of my family, friends and well-wishers—what I call my Malabar Hill family. I am really grateful to the citizens of the constituency for supporting me in every endeavour and hope to continue serving them in the best possible manner.

I believe that the first duty of a public representative is to be available for his constituents. Not only has my mobile number remained the same for the last 20 years but I am proud to say that I have always stood by my constituents, whatever be the occasion and whenever there's a need. I begin each morning by meeting citizens at my residence to hear (directly from them) about what we can do to make Malabar Hill even better. After personally following up with the concerned authorities on actions to be taken, I monitor each task with equal attention. 'Hamesha Aapke Saath' is my philosophy and I have tried to deliver on this promise in every possible way.

My aim is to make Mumbai one of the world's most thriving cities—if Mumbai does well, Malabar Hill will do great. Mumbai continues to remain the commercial capital of the country but I believe that we need to do a lot more to create jobs, encourage businesses and improve the quality of life. The neglect of Mumbai by the State Government needs to be addressed and I am sure that with the advent of the new Central Government led by Shri Narendra Bhai Modi and a new government coming to Maharashtra soon, Mumbai's future is not only good but great.

Just as I was the first one to propose the revolutionary Right to Information Act (presented as a Private Member's Bill in late 1990s by me), I am constantly pushing for policies and actions that will benefit the city. So, when I write to you today, it is not about what I have already done for the constituency but about my immediate plans for this great city that we call home.

## My immediate plan to transform Mumbai

- Making Mumbai the best place to conduct business in India, through measures like the repeal of octroi and the abolishment of the excess license culture. This will ensure job creation and income growth.
- Building a new link road that will connect Nariman Point to Worli, within five years. This will decongest Malabar Hill's roads and reduce travel time.
- Ensuring at least five new ICSE/SSC schools in the Malabar Hill constituency, using the premises of closed or underutilised municipal schools; in all, 10,000 new school seats with preference for local residents.
- Improving public security especially for senior citizens, women and children, through enhanced lighting of all public spaces, facilitation of domestic help verification and a helpline for emergency response.
- Focussed effort on making all open spaces in our area better-equipped, better-managed and accessible to all residents.
- Prioritising environmental issues to make Malabar Hill a better place for future generations. It will be a community-led programme with features that range from solar street lighting to increased tree plantation and waste recycling.
- Ensure that all residents of cessed buildings in Malabar Hill get new homes on an ownership basis through re-development within the next 10 years and through the reform of the present regulations.

Connect and converse directly with MLA Lodha through facebook: http://www.fb.com/MPLodha and Twitter: http://www.twitter.com/MPLodha

### એલઆઇસી અને બેન્કોનાં બિલ્ડિંગોના ભાડૂતો માટે સંઘર્ષ

આપણા મત વિસ્તારના એલઆઇસી અને બેન્કોની માલિકીનાં મકાનોમાં રહેતા ભાડૂતોને તેમનો હક અપાવવા માટે રેન્ટ કંટ્રોલ એક્ટ અને મ્હાડાના નિયમોનો લાભ અપાવવા સાથે મકાનોનું રિપેરિંગ, વિકાસ અને ભાડૂતોના હકમાં આપવામાં આવેલા સુપ્રીમ કોર્ટના નિર્ણયો લાગુ કરાવવાની લડાઇ ભાડૂતો સાથે મળીને આજે પણ જારી રાખી છે.

### પ્રિયદર્શિની પાર્કના વ્યાવસાયિક દુરૂપયોગ પર રોક

પ્રિયદર્શિની પાર્કમાં ફિલ્મોના શૂટિંગ અને અન્ય વ્યાવસાયિક પ્રવૃત્તિઓ સામે સ્થાનિકોનો વિરોધ હતો. જોકે આ સરકારી જમીનને અમુક નેતા પોતાની અંગત મિલકત સમજી બેઠા હતા. મેં સ્થાનિકો સાથે મળીને પ્રિયદર્શિની પાર્કનો વ્યાવસાયિક દુરૂપયોગ થતો અટકાવ્યો.

### પારસી મિત્ર

મુસ્લિમ સમુદાયને મળતી હઝ યાત્રાની સબસીડીની જેમ પારસીઓને પણ તેમના ધર્મસ્થળ ઇરાન જવા માટે સબસીડી અપાવવાના મારા પ્રયાસો ચાલુ છે. પારસી સમુદાયના પ્રમુખ લોકોને સાથે રાજયપાલ મહોદયને મળીને વિધાન પરિષદમાં એંગ્લો ઇન્ડિયન સમુદાયની જેમ પારસીઓને પણ સદસ્ય તરીકે મનોનીત કરવાની માંગણી કરી.



**મહત્ત્વપૂર્ણ આઇડેન્ટિટી કાર્ડસ માટે નાગરી ટેકો**

અમે નાગરિકોને આધાર કાર્ડ, પેન કાર્ડ, સિનિયર સિટીઝન કાર્ડ અને રેશન કાર્ડ પ્રાપ્ત કરવા માટે અમારા સ્વયંસેવકોના નેટવર્ક મારફત મદદ કરીએ છીએ. દર વર્ષે મલબાર હિલના ૨૫,૦૦૦થી વધુ નાગરિકો તેનો લાભ લે છે.



**સ્ત્રીઓને અન્નધાન્યનો સપોર્ટ**

અમે ખાસ કરીને ૪૫-૬૫ વયજૂથની વિધવા અને તરછોડાયેલી સ્ત્રીઓ હોય અને કુટુંબનો ટેકો અને આવકનો સ્ત્રોત ન હોય તેવી મહિલાઓને ઘઉં, ચોખા, કઠોળ, ખાદ્યતેલ, ચાની ભૂકી, ખાંડ, મીઠું વગેરે માસિક રેશન આપીએ છીએ. વ્યક્તિગત ૩ વર્ષ અમે તે આપીએ છીએ.

**આંબેડકર નગર ઝૂંપડપટ્ટી ખાતે રાહતકાર્ય**

શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં રાહતકાર્યમાં હું પૂર્વસક્રિય રહ્યો છું. નવેમ્બર ૨૦૧૩માં આંબેડકરનગર ઝૂંપડપટ્ટીમાં આગ ફાટી નીકળતાં આશરે ૫૦૦ ઘરો ખાક થતાં ૨૫૦૦ નાગરિકોને અસર થઇ હતી. અમે અસરગ્રસ્ત કુટુંબોને તાત્કાલિક આરોગ્ય સંભાળ સુવિધાઓ અને ખાદ્યની જોગવાઇ કરી આપી હતી.

### દુષ્કાળગ્રસ્ત મહારાષ્ટ્રમાં વિસ્તારો માટે સહાય

સન ૨૦૧૩માં મહારાષ્ટ્રમાં તીવ્ર દુષ્કાળ આવ્યો હતો. અમે ગ્રામીણ મહારાષ્ટ્રમાં કામ કરતાં પીવાનું પાણી પૂરૂં પાડયું હતું. પાણી સંગ્રગ ડેમ બનાવવામાં સહાય કરી હતી, જે પરથી મહારાષ્ટ્રના અન્ય ભાગોની પણ મુંબઇ કાળજી રાખે છે તે દર્શાવે છે.

### અંતિમયાત્રા સેવા-મોક્ષ વાહિની

અમારા વિસ્તારમાં અંતિમયાત્રા વાહનની અછત હોવાથી અમે મોક્ષ વાહિની અંતિમયાત્રા સેવા ચલાવીએ છીએ, જે મૃત દેહને સ્મશાનભૂમિ પહોચાડવની નિઃશુલ્ક સેવા આપે છે.

### મહિલાઓ માટે સ્વરક્ષણના વર્ગો

મહિલાઓ સામે વધતી ગુનાખોરીને ધ્યાનમાં લેતાં અમે ૧૮-૩૦ વયજૂથની છોકરીઓ અને મહિલાઓ માટે સ્વરક્ષણ વર્ગોનું આયોજન પણ કરીએ છીએ.





### ધાર્મિક યાત્રાઓનું આયોજન

વિસ્તારના રહેવાસીઓની ધાર્મિક ઇચ્છા પૂરી કરવા માટે અમે વિવિધ ધાર્મિક સ્થળે તેમને યાત્રા માટે ટ્રેનો અને બસો દ્વારા નિશુલ્ક આયોજન કરીએ છીએ.

### યાત્રાખળુઓ માટે સુવિધા સાથે નવાં યાત્રાસ્થળો

અમે થાણે નજીક નાશિક હાઇવે પર શ્રી સાઇ ધામ અને અમદાવાદ હાઇવે પર મીરા રોડ નજીક લોઢા ધામ એમ બે નવાં ધાર્મિક સ્થળો બનાવ્યા છે. જે ભાવિકોમાં આપણી ઉત્તમ સંસ્કૃતિ અને ધર્મ વિશે પ્રસાર કરે છે અને સુવિધાઓ પણ પૂરી પાડે છે.

**મહિલાઓ માટે સૂરક્ષા, ૨૪ X ૭ હેલ્પલાઇન, રાહત કાર્ય, અન્નાધાન્ય સહાય, અન્યાએ ભલે અવગણના કરી હોય પરંતુ હું અગ્રતા આપું છું.**

# આ વખતે આપણે વધુ મોટું સપનું જોઇ શકીએ છીએ. આથી મહત્ત્વપૂર્ણ એ છે કે આપણે તે સાકાર કરી શકીએ એમ છીએ તો ચાલો, આપણે મલબાર હિલની કાયાપલટ કરીએ.

ભાજપ ટૂંક સમયમાં જ મહારાષ્ટ્રમા સત્તા પર આવવા માટે તૈયાર છે ત્યારે મલબાર હિલને તે હકદાર છે એવી નવી ઊંચાઇએ લઇ જવાની મને તક મળવાની છે. હું આપનો ટેકો અને આશીર્વાદ માગું છું અને વિનંતી કરૂં છું કે આપના કુટુંબી સભ્યો અને મિત્રો મોટી સંખ્યામાં મને ટેકો આપે અને મલબાર હિલને વિશ્વ કક્ષાની પાડોશ તરીકે કાયાપાલટ કરવાના મારા ધ્યેયને પરિપૂર્ણ કરવામાં મદદરૂપ બને.

જય હિંદ !

**મંગલ પ્રભાત લોઢા**
વિધાન સભ્ય, મલબાર હિલ

## બોલતા નહીં, કરતા હું

# મુંબઇમાં રૂપાંતરણ લાવવા માટેની મારી ૭ પોઇન્ટ યોજના

**ધંધો અને રોજગાર :** સ્વાતંત્રદિને શ્રી નરેન્દ્રભાઇ મોદીએ મેઇડ ઇન ઇંડિયા ચિજવસ્તુઓના ઉત્પાદનને પ્રોત્સાહ્ન આપવા માટેનું વચન આપ્યું હતું. વન પોઇન્ટ ટેકસ સિસ્ટમ, ઓકટ્રોય નાખૂદી અને એકસેસ લાયસંસ કલ્ચચની નાખૂદીને કારણે મુંબઇ ભારતમાં વ્યાપાર કરવા માટેનું સર્વોત્તમ સ્થળ બનશે એની ખાતરી મળશે. આની સાથે જ રોજગારીની તકો વધશે અને આવકમાં થશે.

**કનેકિટવિટી :** નવા  લિંક રોડ સહિતના નવા માર્ગો નરીમન પોઇન્ટ અને વરલી સાથે જોડાઇ જશે અને ત્યાર પછી પાંચ વર્ષની અંદર ઇસ્ટર્ન એકસપ્રેસ હાઇવે સાથે પણ એનું જોડાઇ થશે. આના કારણે નક્ષિણ મુંબઇના માર્ગોની ગીયતા ઓછી થશે અને પ્રવાસમાં લાગતો સમય પઞ ઘટશે. આની શરૂઆત થઇ તહી છે હેન્ગીંગ ગાર્ડનના સિરી રોડથી લઇને બાબુલનાથસુધીના માર્ગની જેને મારા ૪ વર્ષના અથાક પ્રયાસો પછી એમસીજીએમ દ્વારા મંજૂરી મળી ગઇ છે.

**શિક્ષણ :** મલબાર હિલ નિર્વાચન ક્ષેત્રમાં બંધ પડી ગયેલી / અંડરયુઝડ મ્યુનિસિપલ શાળાઆને ફરીથી ચાલુ કરવા સહિત ઓછામાં ઓછી ૫ નવી આઇસીએસઇ/એસએસસી શાાળાઓ આપવાની ખાતરી આપવામાં આવે છે. આનાથી ઓછામાં ઓછી ની ૧૦,૦૦૦ સ્કુલ શીટોનું સર્જન થશે અને આમાં પ્રવેશ માટે સ્થાનિક રહીશોને અને કંટોલ્ડ સીટોને પ્રાધાન્ય આપશે. અમે શારદા મંદિર સ્કુલ, ગામદેવી સાથે આની શરૂઆત કરી જ દિધી છે.

**સલામતી :** જાહેર સ્થળોમાં લાઇટોમાં વધારો કરીને, ડોમેસ્ટિક હેલ્પ વેરિફિકેશન દ્વારા તથા ઇમર્જન્સી રિસ્પોન્સ માટેની હેલ્પલાઇન દ્વારા, ખાસ કરીને વરિષ્ઠ નાગરિકો, મહિલાઓ અને બાળકોની જાહેર સુરક્ષામાં સુધારો કરાશે.

**જાહેર મેદાનો :** આપણા વિસ્તજરનાં જાહેર ખુલ્લા સ્થળોને વધુ સારી રીતે સુસજજ કરીને, અને પ્રબંધન કરીને તમામ રહીશો માટે ખુલ્લા મૂસવાના પ્રયાસો પર લક્ષ્ય કેન્દ્રીત કરાશે. ઓલિમ્પિક પ્રમાણભૂત સ્વિમિંગ પૂલ પ્રિયદર્શિની પાર્ક અને મુંબઇ પાર્ક ખાતે બાંધવામા આવશે.

**પર્યાવરણ:** ભાવિ પેઢીઓ માટે મલબાર હિલ એક બેહેતહ સ્થળ બનાવવા માટે પર્યાવરણના મુદ્દાને પ્રાધાન્ય અપાશે. સમાજને આગળ વધારવાના કાર્યક્રમમાં સોલર સ્ટ્રીટ લાઇટીંગ, વૃક્ષારોપણમાં વૃદ્ધિ અને વેસ્ટ સાઇકલિંગને આવરી લેવાશે.

**ઘરો :** વર્તમાન નિયમનોમાં સુધારો કરીને, આવનારા ૧૦ વર્ષોમાં જૂની બિલ્ડિંગો કે જે સેસ ભરી રહી છે અને જૂની સોસાલટીઓ (૩૦ વર્ષ થી જૂની) ના રહીશોને રિડેવલપમેન્ટ દ્વારા ઓનરશિપ બેઝિસ પર નવાં ઘરની ખાતરી આપવામાં આવે છે.

## મુંબઇ શ્રેષ્ઠ થશે, ત્યારેજ મલબાર હિલ મહાન બનશે

# ભારતીય જનતા પાર્ટી


વધુ જાણકારી માટે અહીં લોગ ઓન કરો mangalprabhatlodha.com Email - lodhafoudation214@gmail.com

facebook.com/MPLodha @MPLodha અથવા અહીં ટ્વિટ કરો

મિરાડોર બિલ્ડિંગ, ૧લો માળો, ભુલાભાઇ દેસાઇ રોડ, બ્રિચ કેન્ડી, મુંબઇ


Printer: Jagruti Printer - Qty: 2000 | Publisher: Chimanbhai Mehta